BUSINESS मित्र Plus

આઠમી અજાયબી : ચક્રવૃદ્ધિ શા માટે, સંપત્તિનો સાચો માર્ગ શું છે?

ભારતીય નાણાકીય ક્ષેત્રની ગતિશીલ, હાઇ-સ્પીડ દુનિયામાં - જ્યાં દર કલાકે એક નવી સ્ટોક ટિપ વાયરલ થાય છે - એવું માનવું સરળ છે કે સંપત્તિ "શ્રેષ્ઠ યોજના" શોધવાથી બને છે. આપણે આપણા પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા, નવીનતમ ઉચ્ચ-વળતર ભંડોળનો પીછો કરવા અને ટૂંકા ગાળાના વેપારના ઉન્માદમાં જોડાવા માટે લલચાઈએ છીએ.

પરંતુ ભારતમાં અને વૈશ્વિક સ્તરે વાસ્તવિક, પેઢીગત સંપત્તિ એક સરળ, ઘણીવાર અવગણવામાં આવતા સિદ્ધાંત પર બનેલી છે: તે છે ચક્રવૃદ્ધિ. તે વૃદ્ધિનું નિષ્ક્રિય, અવિરત એન્જિન છે જે આવેગ કરતાં ધીરજને પુરસ્કાર આપે છે.

જેમ મહાન ભૌતિકશાસ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈનને વ્યાપકપણે શ્રેય આપવામાં આવે છે તેમ કહે છે:

"ચક્રવૃદ્ધિ વ્યાજ એ વિશ્વની આઠમી અજાયબી છે. જે તેને સમજે છે તે કમાય છે; જે નથી સમજતો, તે ચૂકવે છે."

આ અતિશયોક્તિ નથી. ચક્રવૃદ્ધિ એ નાણાકીય બ્રહ્માંડમાં એકમાત્ર સૌથી શક્તિશાળી બળ છે, અને તેનો ઉપયોગ કરવાની ચાવી ફક્ત રોકાણમાં રહેવાનું છે.

પુનઃરોકાણનો જાદુ

સરળ શબ્દોમાં કહીએ તો, ચક્રવૃદ્ધિ એટલે તમારા વળતર પર વળતર મેળવવું.

રોકાણ જાળવી રાખવું.

તે સમયે ચક્રવૃદ્ધિ "વૃદ્ધિ" થી "સંપત્તિ વિસ્ફોટ" તરફ બદલાય છે.

જ્યારે તમે વૃદ્ધિ અસ્વીકાર અથવા લાંબા ગાળાના રોકાણને જુઓ છો, ત્યારે તમને એક આશ્ચર્યજનક સત્ય મળે છે:

તમારી સંપત્તિમાં સૌથી મોટી વૃદ્ધિ ઘણીવાર છેલ્લા થોડા વર્ષોમાં થાય છે!

સમયનો આશ્ચર્યજનક તફાવત દર્શાવવા માટે, વિવિધ સમયગાળામાં રૂ. ૧ લાખ (રૂ. ૧૦૦,૦૦૦) ના એક રોકાણના વિકાસને ધ્યાનમાં લો.

રોકાણનો (વર્ષ) ગાળો	રૂ. 1 લાખ રોકાણનું મુલ્ય	રોકાણ ગુણાકાર
15	રૂા. 2,000,203	20
20	રૂા. 3,361,434	33.61
25	રૂા. 5,082,395	50.82
30	રૂા. 13,420,175	134.2

૩૦ નવેમ્બર ૧૯૯૫ ના રોજ ઉપલબ્ધ યોજનાઓને ધ્યાનમાં લેવામાં આવી, (૧૭ યોજનાઓ ધ્યાનમાં લેવામાં આવી). વૈવિધ્યસભર ઇક્વિટી યોજનાઓમાં શામેલ છે: - લાર્જ કેપ, લાર્જ અને મિડ કેપ ફંડ, મિડ કેપ, સ્મોલ કેપ, ફ્લેક્સી કેપ, કોન્ટ્રા ફંડ, ડિવિડન્ડ યીલ્ડ ફંડ, ફોકસ્ડ ફંડ, ELSS ફંડ, મલ્ટી કેપ, વેલ્યુ ફંડ્સ.

તારીખ-૩૦ નવેમ્બર ૧૯૯૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધીનો ડેટા. સ્ત્રોત - Ace MF

જ્યાં ધીરજ ફળ આપે છે અને ચક્રવૃદ્ધિ આખરે સાચી સંપત્તિના દરવાજા ખોલે છે.

પરંતુ, મોટાભાગના રોકાણકારો આ વિસ્ફોટ થાય તે પહેલાં જ છોડી દે છે - અને તે સૌથી મોટી નાણાકીય દુર્ઘટના છે. ચાર્લી મુંગરે સમજદારીપૂર્વક કહ્યું:

"ચક્રવૃદ્ધિનો પહેલો નિયમ એ છે કે તેને ક્યારેય જરૂર વગર વિક્ષેપિત ન કરો."

નવું ફંડ લોન્ચ કરે છે ગયા વર્ષના ટોચના પ્રદર્શનકારો. ક્વાર્ટરની સૌથી વધુ વળતર યોજના.

આ બધું ઉત્તેજક લાગે છે પરંતુ લાંબા ગાળાની સંપત્તિ માટે ખૂબ જ ઓછું કરે છે. ખરેખર મહત્વનું એ છે કે:

» દરેક બજાર ચક્ર દરમ્યાન રોકાણ જાળવી રાખવું

» સમયને તમારી સંપત્તિમાં વધારો કરવા દેવો

» બજારને સમય આપવાની ઇચ્છાનો પ્રતિકાર કરવો

» ચક્રવૃદ્ધિ યાત્રા પૂર્ણ કરવા માટે ધીરજ રાખવી મોર્ગન હાઉસેલ સરળ શબ્દોમાં કહે છે:

"મોટા નાણાકીય વળતર ધીરજથી મળે છે, બુદ્ધિથી નહીં."

તેથી રોકાણ ચાલુ રાખો, ધીરજ રાખો અને સમયને ભારે ઉપાડવા દો.

કારણ કે અંતે...**વિશ્વની આઠમી અજાયબી ગતિને પુરસ્કાર આપતી નથી. તે ધીરજને પુરસ્કાર આપે છે.**

શ્રેષ્ઠ યોજના શોધવાથી સંપત્તિ નથી બનતી, કારણકે ભારતમાં અને વૈશ્વિક સ્તરે વાસ્તવિક, પેઢીગત સંપત્તિ એક સરળ, ઘણીવાર અવગણવામાં આવતા સિદ્ધાંત પર બનેલી છે: તે છે ચક્રવૃદ્ધિ. તે વૃદ્ધિનું નિષ્ક્રિય, અવિરત એન્જિન છે જે આવેગ કરતાં ધીરજને પુરસ્કાર આપે છે

» જ્યારે તમે રોકાણ કરો છો, ત્યારે તમે વળતર (વ્યાજ, ડિવિડન્ડ અથવા મૂડી લાભ) મેળવો છો.

» તે વળતર પાછું ખેંચવાને બદલે, તમે તેને ફરીથી રોકાણ કરો છો.

આગામી સમયગાળામાં, તમે ફક્ત તમારા મૂળ મુદ્દલ પર જ નહીં, પણ તમે પહેલાથી મેળવેલા વળતર પર પણ વળતર મેળવો છો.

તે એક ઘાતાંકીય ચક્ર છે જ્યાં તમારા પૈસા તમારા માટે વધુને વધુ સખત કામ કરવાનું શરૂ કરે છે.

વાસ્તવિક શક્તિ સમયમાં છે, સમયમાં નહીં

ચક્રવૃદ્ધિ હવે રકમ a માં નીચે ફરતી હોય તેમ કામ કરે છે. શરૂઆતમાં બરફ (તમારું મુદ્દલ) નાનું હોય છે, અને વૃદ્ધિ (વળતર) ધીમી હોય છે. પરંતુ જેમ જેમ બરફનો ગોળો ટેકરી (સમય) થી વધુ નીચે ફરે છે, તેમ તેમ તે ગતિ અને સમૂહ ઘાતાંકીય રીતે મેળવે છે. જે નમ્રતાથી શરૂ થાય છે તે આખરે વૃદ્ધિનું એક વિશાળ, અણનમ બળ બની જાય છે. પરંતુ તે અણનમ તબક્કો શરૂ થવા માટે, તમારે સૌથી ઉપર એક વસ્તુની જરૂર છે: સમય. ઘણો સમય.

3 વર્ષ નહીં. ૫ વર્ષ નહીં. ૧૦ વર્ષ પણ નહીં.

સાચા લાંબા ગાળાના રોકાણનો અર્થ ઓછામાં ઓછા ૨૫ વર્ષ સુધી

અસ્વીકરણ -"આંકડા/અંદાજો ફક્ત ઉદાહરણ તરીકે છે. પરિસ્થિતિઓ/પરિણામો ભવિષ્યમાં સાકાર થઈ શકે છે અથવા ન પણ થઈ શકે. મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમને આધીન છે, યોજના સંબંધિત બધા દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો. ભૂતકાળનું

વેલ્થ ક્રિએશન

■ N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

પ્રદર્શન ભવિષ્યમાં ટકાવી શકે છે અથવા ન પણ રહી શકે છે અને તે ભવિષ્યના કોઈપણ વળતરની ગેરંટી નથી."

પરિણામો પોતાને માટે બોલે છે:

» રોકાણ સમયગાળાને ૧૫ થી ૨૫ વર્ષ સુધી વધારીને અંતિમ મૂલ્યમાં રૂા. ૩૦ લાખથી વધુનો વધારો કરવો અને ગુણકમાં બમણાથી વધુનો વધારો કરવો.

» પરંતુ વાસ્તવિક જાદુ વર્ષ 25 અને વર્ષ 30 ની વચ્ચે થાય છે. ફક્ત તે પાંચ વધારાના વર્ષોમાં, રોકાણ મૂલ્ય ફક્ત બમણું જ નહીં, તે ફરીથી લગભગ ત્રણ ગણું થઈ જાય છે, મૂળ રૂા. 1 લાખને આશ્ચર્યજનક રીતે 134 ગણો ગુણાકાર કરે છે!

આ દર્શાવે છે કે 25 વર્ષ પછી, એકમાત્ર સૌથી મોટો વાર્ષિક લાભ પ્રથમ દાયકામાં થયેલા લાભને વટાવી જાય છે. આ તે વળાંક છે અને જેઓ લાંબા સમય સુધી રોકાણ કરે છે - મોટી જીત મેળવે છે.

તમારી કાર્ય યોજના

1. હમણાં જ શરૂઆત કરો, ભલે ગમે તેટલું નાનું હોય: ચક્રવૃદ્ધિ સમીકરણમાં સૌથી મહત્વપૂર્ણ ચલ સમય છે. તમે જેટલી વહેલી શરૂઆત કરો છો, તેટલા લાંબા રનવે તમે તમારા પૈસા આપો છો.

2. સુસંગત રહો: નિયમિત રોકાણ કરો (દા.ત., માસિક SIP). આ રૂપિયા-ખર્ચ સરેરાશનો લાભ લે છે અને ચક્રવૃદ્ધિ એન્જિનને ફીડ કરે છે.

3. લાંબા અંતર માટે રોકાણ ચાલુ રાખો: 25 વર્ષની માનસિકતાને સ્વીકારો. બજારમાં ઘટાડા દરમિયાન ગભરાશો નહીં અને પૈસા પાછા ખેંચશો નહીં. આ ઘણીવાર એવા સમયગાળા હોય છે જે તમારા વળતર માટે વધુ શેર/યુનિટ્સ ખરીદવાની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે, જે પછી બજાર સુધરવા પર વધુ ઝડપથી વધે છે.

ડિસ્ક્લેમર: મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમોને આધીન છે, રોકાણ કરતા પહેલા બધા સ્કીમ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં ટકાવી શકે છે અથવા ન પણ રહે અને તે ભવિષ્યના કોઈપણ વળતરની ગેરંટી નથી.

અમેરિકાની રિયલ વોર શરૂ કરવાની ધમકીથી શેરબજારમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા રહેશે

2025નું વર્ષ ભારતીય શેરબજાર બેઉતરફી અથડાતું રહ્યું હતું અને છેલ્લે ઐતિહાસિક તેજી નજીક બંધ રહ્યા હતા, ત્યારે વર્ષ 2026 કેવું રહેશે તે માટે રોકાણકારોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીને નિષ્ણાંતોના મતે શેરબજારમાં તેજી જોવા મળશે, જેમાં 2026ની શરૂઆતમાં જ નિફ્ટીએ 25340ની નવી ઐતિહાસિક સપાટી રચી છે. જે દર્શાવે છે કે, ભારતીય શેરબજારમાં તેજીની શરાત થઇ ચુકી છે. જોકે, અમેરિકાના નવા વર્ષમાં નવા સમીકરણો બહાર આવી રહ્યા છે.

2025ના વર્ષાન્તે એવું માનવામાં આવી રહ્યું હતું કે, વિશ્વ શાંતિના પોતાને દૂત ગણાવતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ મામલે ફાવ્યા નહીં તો હવે વિશ્વને યુદ્ધની ધમકી આપવા લાગ્યા છે.

ટ્રમ્પે ઇરાનમાં આંતરિક અશાંતિમાં ઝુકાવીને ઇરાનની સત્તાને ધમકાવવાની શરૂઆત કરી દેતાં ઇરાને પણ અમેરિકાના સૈન્ય ઠેકાણાંઓ પર હુમલાની ચેતવણી આપી દેતાં ફરી જીયો પોલીટીકલ ટેન્શન વધ્યું છે. બીજી તરફ, વિશ્વના ઘણા દેશોમાં આ વર્ષમાં ચુંટણીઓ યોજાનારી હોઇ સત્તાની ઉથલપાથલના આ વર્ષના ઇઝરાયેલ,

બાગ્લાદેશ, નેપાળ સહિતના ભારતને અસરકર્તા દેશની ચુંટણી પર આપણી અને વિશ્વની નજર મંડાયેલી રહેશે.

ઇરાનમાં પ્રદર્શનકારીઓના પ્રદર્શનમાં અમેરિકા કુદી પડ્યું છે અને અમેરિકાએ ઇરાનના સત્તાધારીઓને ચીમકી આપી છે કે, પ્રદર્શનકારીઓ સામે કોઇ કાર્યવાહી કરવી નહીં. આ સિવાય આજરોજ અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી દીધાના અહેવાલ છે, જેથી ફરી એકવાર સેફ હેવન ગણાતા સોના-ચાંદીમાં જોરદાર ઉછાળા આવી શકે છે. જેમાં ક્રુડ ઓઇલના ભાવમાં પણ તેજી જોવા મળી શકે છે. જ્યારે શેરબજારમાં ઉથલપથલ રહેવાની સંભાવના છે. આમ, અમેરિકાએ 2025ની સાલમાં ટેરિફ વોર કર્યુ હતું અને 2026ની શરૂઆત થતાની સાથે વોરની પરિભાષા બદલી દીધી છે અને રિયલ વોર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આમ, અમેરિકાના વલણથી 2026ના વર્ષમાં પણ ભૂરાજકીય તણાવ ચાલુ રહેવાની સંભાવના છે.

વર્ષ 2026ની શરૂઆત તેજી સાથે થઇ છે, પણ તેજી માટે કોર્પોરેટ કમાણી અને બજેટ ઉપર નિર્ભર રહેશે

આ સિવાય વિશ્વના ઘણા દેશોમાં ચૂંટણીનું વર્ષ છે. જેથી ઉથલપાથલની સંભાવના રહેલી છે. જેની અસર ભારતીય શેરબજારની સાથે વૈશ્વિક બજારો ઉપર પણ જોવા મળશે. ભારતીય શેરબજારોમાં વર્ષ 2026 રેકોર્ડ તેજીનું બની રહે પરંતુ આ સાથે વૈશ્વકિ પડકારોનું પણ જોખમ રહેશે. નવા વર્ષ 2026માં સેન્સેક્સ 95000 અને નિફ્ટી 29000 પોઇન્ટની સપાટીને પાર કરતા જોવાઇ શકે છે. જોકે અણધાર્યા નેગેટિવ પરિબળો કે વૈશ્વિક મોટી ઉથલપાથલના સંજોગોમાં સેન્સેક્સ નીચામાં 76000 અને નિફ્ટી 23000ની શક્યતા પણ ધ્યાને લેવાની રહેશે.

ભારત માટે હાલ તુરંત પડકારોના

માર્કેટ વોચ

દિવસો ચાલી રહ્યા છે. પરંતુ બીજી તરફ વિશ્વ અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઇ રહ્યું હોઇ સુરક્ષિત રોકાણ માટે ભારતમાં આગામી દિવસોમાં વિદેશી રોકાણનો મોટો પ્રવાહ વહેતો થવાની પુરી શક્યતા છે. વર્ષ 2026ના આરંભિક મહિનાઓમાં પડકારો ચાલુ રહેવાની શક્યતા જોતા ભલે સેન્સેક્સ તથા નિફ્ટીમાં નવી રેકોર્ડ તેજી જોવાય પરંતુ ઉછાળા હાલ તુરત ટકશે કે નહીં એ અનિશ્ચિત રહેશે. ભારતીય બજારોમાં ઘણા શેરો હજુય ઓવરવેલ્યુડ હોવાનું અને હજુય વાસ્તવિક સપાટીએ આવ્યા નહીં હોઇ શેરોમાં બ્રોડબેઝડ તેજી માટે થોડો સમય લાગી જવાની શક્યતા છે. અહીંથી ગત વખતે કહ્યું એમ વર્ષ 2026ના માર્ચ બાદ શેરોમાં બ્રોડબેઝડ તેજીની સંભાવના રહેશે. અમેરિકાના ટ્રમ્પ સરકાર હજુય આર્થિક અનિશ્ચિતતામાં ગકરાવ રાખશે.

ભારતીય શેરબજાર માટે ત્રીજા ક્વાર્ટરના કંપનીઓના પરિણામો ફોકસમાં રહેશે અને તેના પરિણામો ઉપર બજારની નજર રહેશે. આ ઉપરાંત, બજેટ રજૂ થનારૂં છે અને આ બજેટમાં રોજગારી ફોકસમાં રહી શકે છે. ખાસ કરીને વિશ્વના અનેક દેશો દ્વારા ઇમિગ્રેશન પોલિસીમાં ફેરફાર કરી રહ્યા છે, જેનાથી ભારતીય યુવાનોને વિદેશમાં રહેવું અઘરૂં બની જશે. જેની પણ ભારતીય ઇકોનોમી અને રોજગારી ઉપર અસર પડી શકે છે. આ બજેટમાં ફોકસ રોજગારીની સમસ્યા પહેલાથી જ વધી રહી હોવાથી ટેલન્ટ માટે ભારતમાં મુશ્કેલી વધવાના એંધાણ છે.

ભારતના 55 ટકાથી વધુ પરિવારો લોન પર નિર્ભર, ગોલ્ડ લોનમાં 125 ટકાનો ઉછાળો

ભારત પણ પશ્ચિમી દેશોનું અનુકરણ કરી રહ્યો છે અને ક્રેડિટ કાર્ડ-ઇકોનોમી તરફ ધકેલાઇ રહ્યો હોવાના સંકેત આપી રહ્યા છે. એક આંકડા મુજબ દેશમાં પરિવારો પર લોન-ધિરાણનો રેશિયો જીડીપીના 41.3 ટકા જેટલો હતો, તે છેલ્લા પાંચ વર્ષના 38.3 ટકાથી વધુ હતો, ખાસ કરીને છેલ્લા 3 વર્ષથી સતત વધી રહ્યો છે. વાસ્તવમાં ધિરાણનો એક સિદ્ધાંત છે તેનો પ્રોડકટીવ એટલે કે વળતર આપે તેવો યોગ્ય ગણાય છે પણ ભારતીય પરિવારોમાં જે કર્જનો ટ્રેન્ડ છે તે થોડો ચિંતાજનક છે. દેશના 55 ટકા પરિવારો એટલા માટે લોન-ધિરાણ મેળે છે જે તેના રોજબરોજની આવશ્યકતાને પુરી કરી શકાય. આમ પરિવારને ખર્ચ અનિવાર્ય છે તેના માટે ધિરાણ મેળવવું પડે છે.

ભારતીયો હજુય ઓછું દેવું કરે છે, થાઈલેન્ડમાં જીડીપી દેવા દર 88 ટકા, મલેશિયામાં 69.1 ટકા, ચીનમાં 60.1 ટકા અને ભારતમાં 41.6 ટકાનો છે

બીજી તરફ, 2025ના વર્ષમાં દેશમાં સોનાની કિંમતો આસમાને પહોંચી છે, જેથી ગોલ્ડ લોનમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો છે. ગોલ્ડ લોનનું ધિરાણ 10 ગણું વધી ગયું છે અને નવેમ્બર 2025ના આંકડા ગત વર્ષની સરખામણીએ ગોલ્ડ લોન 77 ટકા વધી છે. બેન્કોમાં ગોલ્ડ લોનનું કુલ બેન્ક ધિરાણ રૂ. 3.6 લાખ કરોડ નોંધાયું છે, જે કુલ બેન્ક ધિરાણના ફક્ત 2 ટકા જ છે, પણ છેલ્લા એક વર્ષમાં 1.50 લાખ કરોડ વધ્યું છે.

ગોલ્ડ લોનમાં વૃદ્ધિ થવાના ત્રણ કારણો છે, જેમાં ઝડપી ધિરાણ મળે છે, સોનાના ભાવમાં વૃદ્ધિ થવાથી વધુ રકમ મળે છે અને તેનું રિપેમેન્ટ પણ સરળતાથી થઇ શકે છે, જેથી નિષ્ણાંતો માને છે કે, અન્ય ધિરાણની સરખામણીએ ગોલ્ડલોનમાં ઝડપી વૃદ્ધિ

થઇ રહી છે.

ગોલ્ડ લોનની જેમ જ

ઓફ-બીટ

એમએસએમઇના લોન ધિરાણમાં પણ વૃદ્ધિ થઇ છે, જે રૂ. 9.5 લાખ કરોડ પર પહોંચી ગયું છે. જેમાં પણ 1.5 લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી છે. જ્યારે ઔદ્યોગિક ધિરાણ 28.7 લાખ કરોડ રૂપિયા નોંધાયું છે, જેમાં એક વર્ષમાં 46090 કરોડનો વધારો થયો છે.

જોકે, ભારતમાં લોનમાં વૃદ્ધિ થઇ છે, પણ વિશ્વના અન્ય ઇમર્જિંગ ઇકોનોમીના પ્રમાણમાં હજુય ઓછું છે, બીજી તરફ કોંગ્રેસના શાસનકાળમાં એક ખરાબ સમયને બાદ કરો તો ભારતીય પરિવારોની બચતમાં પણ વધારો થવા લાગ્યો છે.

ચિંતાનો વિષય એ છે કે ભારતીય પરિવારોના ધિરાણ મકાન સિવાયના ક્ષેત્રમાં ઝડપી વધી રહ્યા છે. જેમાં ક્રેડિટ કાર્ડ અને ઓટો લોનની મહત્વની ભૂમિકા છે. સપ્ટેમ્બર 2025 સુધીના આંકડા જુઓ તો પરિવારની કુલ ઉધારીમાં 55.3 ટકાનો હિસ્સો તો પર્સનલ લોન, ક્રેડિટ કાર્ડ દેવું અને ઓટો લોનનો સમાવેશ થાય છે.

2020માં આ ટકાવારી 43 ટકા હતી અને આ પ્રકારનું દેવું વધતા તેણે હોમ લોન-કૃષિ કે બિઝનેસ લોનને પાછળ છોડી દીધી છે. આમ ઘરેલું કે વ્યક્તિગત જેવા ખર્ચમાં ધિરાણ લેવું પડે તે સ્થિતિ વધી છે. જે બાદ સંપત્તિ આવાસ કે મિલકત અને ઉત્પાદિકીય કારણોથી થતા ધિરાણ આવે છે. કુલ ધિરાણમાં હોમલોન ધિરાણ 28.6 ટકા અને બિઝનેસ લોન 16.1 ટકા છે. જોકે, ભારતીયોની કમાણી વધી છે, તેથી તે જોખમ લે છે. બીજી તરફ, સારી બાબત એ પણ છે કે, પરિવારોની બચતમાં પણ વધારો થયો છે.

આ રિપોર્ટમાં કહેવાયું છે કે, પરિવારોની 2025ના નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં બચત દર જીડીપીના 80.6 ટકા થયા છે તથા 2022-23 જે કોરોનાકાળ પછીનો સમય હતો તેમાં આ બચત દર જીડીપીમાં 4.9 ટકા નોંધાયો હતો. અગાઉના વર્ષમાં તે 7.2 ટકા હતો પણ હવે 2024-25માં તે 7.6 ટકા થયો છે અને હવે તે 11.2 ટકા નોંધાયો છે.

ભારતીયો હજુય ઓછું દેવું કરે છે. થાઈલેન્ડમાં જીડીપી દેવા દર 88 ટકા, મલેશિયામાં 69.1 ટકા, ચીનમાં 60.1 ટકા અને ભારતમાં 41.6 ટકા છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એક્સપોર્ટને પ્રોત્સાહન આપશે

ભારતની 100% નિકાસ પર શૂન્ય ડ્યુટી માર્કેટ એક્સેસ. ભારતે ન્યુઝીલેન્ડ-ભારત દ્વિપક્ષીય વ્યાપારના 95% ને આવરી લેતી 70% લાઈનોમાં ટેરિફ ઉદારીકરણની ઓફર કરી છે

16 માર્ચ 2025 ના રોજ શરૂ થયેલી, કોઈ વિકસિત દેશ સાથેની સૌથી ઝડપી FTA વાટાઘાટો વર્ષના અંતે કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, ચામડું, એન્જિનિયરિંગ સામાન, કૃષિ ઉત્પાદનો સહિતની તમામ ભારતીય નિકાસ માટે ખૂબ જ સારી રીતે પૂર્ણ થઈ છે

ન્યુઝીલેન્ડમાં પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા અને પ્રોફેશનલ પાથવે દ્વારા વિદ્યાર્થીઓની ગતિશીલતા (mobility) ને પ્રોત્સાહન, જેમાં કોઈ સંખ્યાત્મક મર્યાદા (caps) નથી.

વિદ્યાર્થીઓ વૈશ્વિક શિક્ષણને વૈશ્વિક અનુભવમાં બદલી શકે તે માટે STEM બેચલર અને માસ્ટર ગ્રેજ્યુએટ્સ માટે 3 વર્ષ સુધી અને ડોક્ટરલ સ્કોલર્સ માટે 4 વર્ષ સુધીના પોસ્ટ-સ્ટડી વર્ક રાઈટ્સ

5,000 વ્યાવસાયિકો માટે કામચલાઉ રોજગાર એન્ટ્રી (Temporary Employment Entry) વિઝા અને 1,000 વર્ક એન્ડ હોલિડે વિઝાનો સમર્પિત ક્વોટાનો સમાવેશ થાય છે.

15 વર્ષના સમયગાળામાં 20 બિલિયન યુએસ ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા સાથે ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે સફરજન, કિવિફ્રૂટ અને મધ માટે 'સેન્ટર્સ ઓફ એક્સેલન્સ' દ્વારા કૃષિ ઉત્પાદકતા ભાગીદારીની

સ્થાપના કરવામાં આવશે.

ઉત્પાદકતા સહયોગની સાથે સફરજન, કિવિફ્રૂટ અને મધ માટે મર્યાદિત માર્કેટ એક્સેસ રાખવામાં આવ્યું છે જે ક્વોટા અને લઘુત્તમ આયાત કિંમતો સાથે જોડાયેલ છે, જેથી જ્ઞાનના હસ્તાંતરણની સાથે સ્થાનિક ઉત્પાદકો માટે સુરક્ષા જળવાઈ રહેશે.

ભારત અને ન્યુઝીલેન્ડે એક વ્યાપક, સંતુલિત અને ભવિષ્યલક્ષી મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પૂર્ણ કરી છે, જે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારતના જોડાણમાં એક મુખ્ય આર્થિક અને વ્યૂહાત્મક સીમાચિહ્નરૂપ છે.

આ સમજૂતી વિકસિત ભારત 2047 ના રાષ્ટ્રીય વિઝન સાથે સુસંગત ભારતની સૌથી ઝડપી પૂર્ણ થયેલી FTA પૈકીની એક તરીકે અલગ પડે છે. માનનીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના માનનીય વ્યાપાર અને રોકાણ મંત્રી ટોડ મેકક્લે વચ્ચેની બેઠક દરમિયાન 16 માર્ચ 2025 ના રોજ વાટાઘાટો ઔપચારિક રીતે શરૂ કરવામાં આવી હતી.

આ સમજૂતી 5 ઔપચારિક વાટાઘાટોના રાઉન્ડ અને અનેક રૂબરૂ તેમજ વર્ચ્યુઅલ સત્રોમાં ફેલાયેલી સતત અને ગહન ચર્ચાઓ દ્વારા ડિસેમ્બર

બિઝનેસ વ્યૂ

2025 માં પૂર્ણ કરવામાં આવી હતી.

ભારત-ન્યુઝીલેન્ડ આર્થિક જોડાણમાં સતત ગતિ જોવા મળી છે. દ્વિપક્ષીય મર્ચેન્ડાઇઝ વ્યાપાર 2024-25 માં 1.3 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો, જ્યારે માલસામાન અને સેવાઓનો કુલ વ્યાપાર 2024 માં આશરે 2.4 બિલિયન યુએસ ડોલર રહ્યો હતો, જેમાં સેવાઓનો વ્યાપાર એકલો 1.24 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો, જેનું નેતૃત્વ પ્રવાસ, IT અને વ્યવસાયિક સેવાઓએ કર્યું હતું. FTA આ સંબંધની સંપૂર્ણ ક્ષમતાને અનલોક કરવા માટે એક સ્થિર અને અનુમાનિત માળખું પૂરું પાડે છે.

FTA એ ન્યુઝીલેન્ડની અત્યાર સુધીની કોઈપણ FTA માં સેવા ક્ષેત્રની શ્રેષ્ઠ અને સૌથી મહત્વાકાંક્ષી ઓફર પ્રદાન કરે છે. ભારતે IT અને IT-સક્ષમ સેવાઓ, વ્યાવસાયિક સેવાઓ, શિક્ષણ, નાણાકીય સેવાઓ, પ્રવાસન, બાંધકામ અને અન્ય વ્યવસાયિક સેવાઓ સહિત ઉચ્ચ મૂલ્ય ધરાવતા ક્ષેત્રોની શ્રેણીમાં પ્રતિબદ્ધતાઓ સુરક્ષિત કરી છે, જે ભારતીય સેવા પ્રદાતાઓ અને ઉચ્ચ-કૌશલ્ય ધરાવતી રોજગારી માટે નોંધપાત્ર નવી તકો ખોલે છે.

FTA એક ઉચ્ચ ગુણવત્તાવાળી આર્થિક ભાગીદારી સ્થાપિત કરે છે જે રોજગારીને પ્રોત્સાહન આપે છે, કૌશલ્ય ગતિશીલતાને સરળ બનાવે છે, વ્યાપાર અને રોકાણ આધારિત વૃદ્ધિ તરફ દોરી જાય છે, કૃષિ ઉત્પાદકતા માટે નવીનતાને પ્રોત્સાહન આપે છે અને લાંબા ગાળાની આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે MSME ની ભાગીદારી વધારે છે.

વાટાઘાટોની પૂર્ણાહુતિ પર બોલતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે, "આજે આ મુક્ત વ્યાપાર સમજૂતી લોકોની આસપાસ વ્યાપાર નિર્માણ કરવા અને આપણા ખેડૂતો, આપણા સાહસિકો, આપણા વિદ્યાર્થીઓ, આપણી મહિલાઓ અને આપણા સંશોધકો માટે તકો શરૂ કરવા વિશે છે. પેદાશ અને ખેડૂતોની આવક વધારવા માટે આ સમજૂતી આધુનિક કૃષિ ઉત્પાદકતાને વેગ આપે છે. તે સારી રીતે સંકલિત નિકાસ દ્વારા પ્રદેશમાં ભારતીય વ્યવસાયો માટે દરવાજા ખોલે છે અને આપણા યુવાનોને વૈશ્વિક મંચ પર શીખવા, કામ કરવા અને વિકાસ કરવા માટેની પસંદગીઓ આપે છે."

ન્યુઝીલેન્ડ દ્વારા ભારતને સર્વિસ ક્ષેત્રે અત્યાર સુધીનું શ્રેષ્ઠ માર્કેટ એક્સેસ, જેમાં કમ્પ્યુટર સંબંધિત, વ્યવસાયિક, ઓડિયો વિઝ્યુઅલ, ટેલિકોમ્યુનિકેશન, બાંધકામ, પ્રવાસન અને મુસાફરી સંબંધિત સેવાઓનો સમાવેશ, 139 પેટા-ક્ષેત્રોમાં 'મોસ્ટ-ફેવર્ડ નેશન'ના દરજ્જો

100% ટેરિફ લાઈનો પર ટેરિફ નાબૂદી તમામ ભારતીય નિકાસ માટે ડ્યુટી-ફ્રી એક્સેસ પૂરી પાડે છે.